# અંબાજી ૫૧ શક્તિપીઠ ગબ્બર પરિક્રમા



અંબાજી ૫૧ શક્તિપીઠ ગબ્બર પરિક્રમા મહોત્સવમાં જય અંબે પરિવાર ટ્રસ્ટ ગાંધીનગરના યાત્રિકો મહોત્સવ દરમિયાન માતાજીના નીજ મંદિરમાંથી ચરણ પાદુકા લઈ ગબ્બર પરિક્રમા કરી હતી.

## "જે.એસ.પટેલ મહિલા ટેનિસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ"નો પ્રારંભ

**માણસાના ધારાસભ્ય જે.એસ.પટેલના હસ્તે ટ્રોફીનું અનાવરણ કરાયું : કલોલના ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોર(બકાજી), ગાંધીનગર મહાનગરપાલિકાના દંડક તેજલબેન નાયી, કોબાના પૂર્વ સરપંચ યોગેશભાઇ નાયી, વોર્ડ નં.૧૦ના કોર્પોરેટર મહેન્દ્રભાઇ પટેલ(દાસ) અને દહેગામ શહેર ભાજપના પ્રમુખ યોગેન્દ્ર શુક્લા ઉપસ્થિત રહ્યાં**



ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના સાર્થક ફાઉન્ડેશન તથા હેપ્પી યુથ ક્લબ દ્વારા ગાંધીનગરની શાળાઓમાં અભ્યાસ કરતી અને ક્રિકેટ રમવામાં રસ ધરાવતી દિકરીઓને ટુર્નામેન્ટમાં રમવાની તક પુરી પાડવાના હેતુથી આયોજિત "જે.એસ.પટેલ મહિલા ટેનિસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ"નો આજે પ્રારંભ કરવામાં આવ્યો હતો. આજે સવારે ૮ કલાકે કોબા સર્કલ નજીક જે. એસ. પટેલ ક્રિકેટ ક્લબના ગ્રાઉન્ડ ખાતે મુખ્ય મહેમાન માણસાના ધારાસભ્ય જે.એસ.પટેલના હસ્તે ટૂર્નામેન્ટનો પ્રારંભ કરાવવા સાથે ટ્રોફીનું અનાવરણ કરાયું હતું. આ પ્રસંગે કલોલના ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોર(બકાજી), ગાંધીનગર મહાનગર પાલિકાના દંડક તેજલબેન નાયી, કોબાના પૂર્વ સરપંચ યોગેશભાઈ નાયી, વોર્ડ નં.૧૦ના કોર્પોરેટર મહેન્દ્રભાઈ પટેલ(દાસ) અને દહેગામ શહેર ભાજપના પ્રમુખ યોગેન્દ્ર શુક્લા ઉપસ્થિત રહ્યાં હતા.

## સાયન્સ સિટી ખાતે "સાયન્સ કાર્નિવલ" યોજાશે

**વૈજ્ઞાનિક પ્રદર્શનો, સાઉન્ડ એન્ડ લાઇટ શો, થ્રીડી રંગોલી શો, પ્લેનેટોરિયમ શો, સાયન્સ મેજિક શો, પોપ્યુલર સાયન્સ ટોક , હેન્ડ્સ-ઓન પ્રવૃત્તિઓ, વિજ્ઞાન વર્કશોપ, આકાશ દર્શનના આકર્ષણો : એક લાખ જેટલા વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓનો અંદાજ**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર નજીકના સરદાર પટેલ રીંગ રોડ પરની ગુજરાત સાયન્સ સિટી ખાતે આગામી તા. ૨૮ ફેબ્રૂઆરીથી તા.૪ માર્ચ દરમિયાન સાયન્સ કાર્નિવલ ૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સમગ્ર ગુજરાતમાંથી લગભગ એક લાખ જેટલા વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓ ભાગ લેશે અને જ્ઞાનની સાથે મનોરંજનનો આનંદ માણશે.



ગુજરાત સાયન્સ સિટી ખાતે વૈશ્વિક કક્ષાની વૈજ્ઞાનિક થીમ આધારિત વિવિધ ગેલેરીઓ જેમ કે એક્વેટિક ગેલેરી, રોબોટિક્સ ગેલેરી, થ્રીડી આઈમેક્સ થિયેટર, હોલ ઓફ સ્પેસ એન્ડ સાયન્સ, પ્લેનેટ અર્થ, નેચર પાર્ક, એનર્જી એજ્યુકેશન પાર્ક, લાઈફ સાયન્સ પાર્ક અને ઘણુ બધું છે. વિવિધ ગેલેરીઓ તમામ વયના લોકોને વિશિષ્ટ અનુભવ પ્રદાન કરવા સાથે યુવાઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવે છે અને તેથી જ સાયન્સ સિટી તમામ વયજુથના લોકો માટે વિશ્વકક્ષાનું સાયન્સ ડેસ્ટિનેશન બની રહ્યું છે. મોટા પાયે વિજ્ઞાન પ્રસરના લોકપ્રિય માધ્યમ તરીકે જીસીએસજી દ્વારા તા.૨૮ ફેબ્રુઆરીથી તા.૪ માર્ચ ૨૦૨૩ દરમિયાન પાંચ દિવસીય પ્રતિષ્ઠિત સાયન્સ કાર્નિવલ ‘વિજ્ઞાન મહોત્સવ’નું આયોજન કરવામાં આવ્યું છે. ‘વિજ્ઞાન મહોત્સવ’માં વૈજ્ઞાનિક સંસ્થાઓ, શાળા અને કૉલેજના વિદ્યાર્થીઓ, રાજ્ય અને દેશના પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિકો અને શિક્ષણવિદો સાથે વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોની શ્રેણી યોજવામાં આવશે.

સાયન્સ કાર્નિવલ ૨૦૨૩માં વૈજ્ઞાનિક પ્રદર્શનો, સાઉન્ડ એન્ડ લાઈટ શો, થ્રીડી રંગોલી શો, પ્લેનેટોરિયમ શો, સાયન્સ મેજિક શો, પોપ્યુલર સાયન્સ ટોક , હેન્ડ્સ-ઑન પ્રવૃત્તિઓ, વિજ્ઞાન વર્કશોપ, આકાશ દર્શન અને વૈજ્ઞાનિક થીમ પર આધારિત પેવેલિયન માટે માર્ગદર્શક સાથેનો પ્રવાસ વગેરે કાર્યક્રમોનો સમાવેશ છે. આ ઈવેન્ટ ઉભરતા વૈજ્ઞાનિકોને વિજ્ઞાનના ક્ષેત્રમાં કારકિર્દી અને વ્યવસાયિકતા વિકસાવવા માટે એક વાસ્તવિક પ્લેટફોર્મ પ્રદાન કરી શકે છે. પાંચ દિવસ સુધી ચાલનારા આ સાયન્સ કાર્નિવલમાં આશરે એક લાખથી વધુ વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓ સાયન્સ સિટીની મુલાકાત લેશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી (જીસીએસજી) વિજ્ઞાનના શિક્ષણ અને પ્રસાર માટેના લોકપ્રિય અને વિસ્તૃત માધ્યમ તરીકે ઉભરી રહી છે.

## સમર્થ શ્રી પ્રાગદાસબાપા ગોદડીયા અન્નક્ષેત્ર ખાતે ૬૪મા મહાશિવરાત્રી ઉત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૧૩

સૌરાષ્ટ્રની તપોભૂમિ ગિરનારમાં અનેક પવિત્ર આદરણીય મહાત્માઓ અને યોગીઓ વિચરતા રહે છે.

જૂનાગઢમાં ઋષિમુનિઓની ઉપસ્થિતિમાં ઉજવાતા મહાશિવરાત્રી પર્વનું વિશેષ મહત્વ છે.

આ તહેવાર ઉજવવા માટે પૂ. પ્રાગદાસબાપા ગોદડીયાના આશીર્વાદથી અન્નક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા દર વર્ષે ઉત્સવની શ્રેણીમાં આ વર્ષે પણ તા.૧૫/૦૨/૨૦૨૩ બુધવારથી તા.૧૮/૦૨/૨૦૨૩ શનિવાર સુધી ઉજવાતા ૬૪મા મહાશિવરાત્રીનું આ વર્ષે ભવ્ય ઉત્સવનું જુનાગઢના ગિરનાર રોડ પરની ગોદડીયાની રામવાડી-૧ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

સમર્થ શ્રી પ્રાગદાસબાપાની કૃપાથી જણાવવામાં આવ્યું છે કે ગોદડિયા પરિવારમાં "લેવાને બદલે આપવાનું મહત્વ" સાર્થક કરવા આપતા ગોદડિયા પરિવારના ભક્તો આ શુભ ધાર્મિક પ્રસંગનો લાભ લઈ પ્રગતિના પંથે પ્રયાણ કરી શકે તે માટે જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

## જનકલ્યાણ ટ્રસ્ટની સ્ટાર્ટઅપને કરવામાં આવતી મદદ અને કાર્ય અંગે ચર્ચા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૩

શીયુનાઈટ ડીજીટલ કમ્યુનિટી દ્વારા તા-૧૧ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ અમદાવાદમાં ટીજીબી ખાતે એક બેઠક યોજાવામાં આવી હતી જેમાં તેમના ઈકો સિસ્ટમ પાર્ટનર્સ "સ્ત્રીનોવેશન ફાઉન્ડેશન" જે ગવર્મેન્ટ ઓફ ગુજરાતની નોડલ સંસ્થા છે જે મહિલા સશક્તિકરણ માટે કાર્યરત છે તેની સાથે એમઓયુ કર્યું હતુ અને તે સાથે જનકલ્યાણ ટ્રસ્ટના ઈક્યુબેશન સેન્ટર દ્વારા સ્ટાર્ટઅપને કરવામાં આવતી મદદ તથા તેમના માટે કરવામાં આવતા કાર્ય વિષે ખુલ્લી ચર્ચા



બેઠક કરવામાં આવી હતી તેમાં દરેક મહિલા અત્યારના આધુનિક ડીજીટલ યુગમાં કઈ રીતે પોતાનો વ્યવસાય આગળ વધારે તેના વિષે ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત દરેક મહિલાએ પોતાના વ્યવસાયને પ્રેઝન્ટ કર્યા હતા જેમાં આયુર્વેદના જાણકાર, બેકરી આઈટમ બનાવનારા, દરેક પ્રકારના ઓર્ગેનાઈઝર બનાવનાર, ઈન્ટીરીયર ડિઝાઈનર, કુકિંગના જાણકાર, મેન્ટલ હેલ્થ, રેકી, જેવા વ્યવસાયોમાં પારંગત મહિલાઓ હતી તેમણે પોતાના આઈડિયા અને ઉદ્યોગોને પ્રસ્તુત કર્યા હતા.

## કર્ણાવતી લિટરેચર એન્ડ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૩નું દબદબાભેર સમાપન

**અભિનેત્રી અદા શર્મા, કબીર બેદી, વિનિતકુમાર સહિત લેખક નવદીપસિંહ, ફિલ્મમેકર મિખિલ મુસાલે અને આઇએફપીના સ્થાપક રિતમ ભટનાગર જેવી સેલિબ્રીટી હાજર રહ્યાં**



ગાંધીનગર, તા.૧૩

વિચારોની મુક્ત અભિવ્યક્તિ, જકડી રાખનારી ચર્ચાઓ અને વિરોધાભાસી મંતવ્યો તથા વિવિધ પરિપ્રેક્ષ્યોમાં ડોકિયું કરવાની સાથે કર્ણાવતી લિટ્રેચર એન્ડ ફિલ્મ ફેસ્ટિવલ (કેએલએફએફ) ૨૦૨૩નું દબદબાભેર સમાપન થયું હતું. કર્ણાવતી યુનિવર્સિટી દ્વારા આયોજિત ફિલ્મો, રંગમંચ અને સાહિત્યના આ ચાર દિવસીય મહાકુંભ - કેએલએફએફ ૨૦૨૩નું રવિવારે દબદબાભેર સમાપન યોજાયું હતું.

જાણીતા અભિનેતા અને લેખક કબીર બેદીએ ‘ધી એડવેન્ચર લાઈફ ઑફ કબીર બેદી’ નામના સેશનમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શરૂ થયેલી અને પુસ્તકોના વિશ્વમાં આવી ચઢેલી તેમની વિકાસયાત્રા વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ‘બદલાતી પરિસ્થિતિઓ, કાર્યસ્થળો અને કામના માહોલ સાથે અનુકૂલન સાધવું એ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ દરેક વ્યવસાયનું ફૉર્મેટ અલગ-અલગ હતું. જો તમે તેની સાથે અનુકૂલન સાધી લો છો, તો તમે તેમાં ટકી જાઓ છો.’

ચોથા દિવસની શરૂઆત ભારતીય ફિલ્મ ડિરેક્ટર અને લેખક નવદીપસિંહ, ફિલ્મમેકર મિખિલ મુસાલે અને આઈએફપીના સ્થાપક રિતમ ભટનાગર દ્વારા ‘અંડરસ્ટેન્ડિંગ થ્રિલર્સ’ વિષય પર ચર્ચાની સાથે થઈ હતી. થ્રિલર્સ અંગે વાત કરતાં નવદીપસિંહે જણાવ્યું હતું કે, ‘વ્યાપક અર્થમાં જોવા જઈએ તો દરેક ફિલ્મ થ્રિલર હોય છે. દર્શકોને જકડી રાખવા એ ફિલ્મની પ્રાથમિક જરૂરિયાત છે.’ આ ઉપરાંત ડિરેક્ટર, લેખક અને પ્રોડ્યૂસર બરનાલી રે શુક્લા અને મનિષ સૈનીએ ‘જર્ની ઑફ ઈન્ડીપેન્ડેન્ટ ફિલ્મ મેકર્સ’ નામના સેશનમાં પોત-પોતાની વિકાસયાત્રા વિશે ચર્ચા કરી હતી. રંગભૂમિના કલાકર અને અભિનેત્રી ગીતાંજલી કુલકર્ણી અને રંગભૂમિની અભિનેત્રી જિજ્ઞા જોશીએ ‘નાટક ટુ નેટફ્લિક્સ’ નામના સેશનમાં વાર્તા કહેવાના બદલાતા ફૉર્મેટ પર પોતાના વિચારો રજૂ કર્યા હતા.

કેએલએફએફ ૨૦૨૩ના ચોથા દિવસે લેખિકા અને રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા રાજશ્રી અને રંગભૂમિના અભિનેતા અભિનય બેંકરનું ‘નોટ જસ્ટ સિનેમા’ નામનું સેશન પણ યોજાયું હતું. અભિનેત્રી અદા શર્માએ તેના સેશન ‘અંદાજ અપના અપના’ દરમિયાન દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધાં હતાં. ‘કવિશાલા’ નામની ચર્ચામાં લેખક અને કવિ અંકુર મિશ્રા, મ્યુઝિકલ આર્ટિસ્ટ નૈષધ પુરાણી અને સોશિયલ મીડિયા કન્સલ્ટન્ટ કુમાર મનિષે કન્ટેન્ટની રચના કરવામાં ટેકનોલોજીની ભૂમિકા વિશે વાત કરી હતી. જાણીતા ફિલ્મ વિતરક આનંદ પંડિતની સાથે કલાકાર, અભિનેતા અને ભૂતપૂર્વ રેડિયો જોકી ધ્વનિત ઠાકરે ‘સિનેમા ઓવરઓલ’ નામના સેશન દરમિયાન રસપ્રદ વાત કરી હતી. જાણીતા અભિનેતા વિનીત કુમાર અને ચંદન રૉય સાન્યાલની સાથે ફિલ્મ પ્રોડ્યૂસર પગરવ પટેલે ‘થીયેટર, ઓટીટી એન્ડ સિનેમા’ નામના સેશનને સંબોધ્યું હતું.

અભિનયના મહત્ત્વ અંગે વિવેચનાત્મક વાત કરતાં વિનીત કુમારે જણાવ્યું હતું કે, ‘ભારતમાં ખૂબ ઓછા દર્શકો છે, જેઓ અભિનયને સમજે છે. સંગીતકાર શાશ્વત સચદેવ અને જાણીતી ગાયિકા શ્રૃતિ પાઠકે અલગ-અલગ યુગમાં થયેલી સંગીતની વિકાસયાત્રા અંગે વાત કરી હતી. કટારલેખિકા શ્રીમોયી કુંડુએ કેએલએફએફ ૨૦૨૩માં ‘માય જેન્ડર માય પ્રાઈડ’ અંગે વાત કરી હતી. કવયિત્રી અને અભિનેત્રી પ્રિયા મલિક અને કવિયત્રી કૃષ્ણાસિંહે ‘સ્લેમ ઈટ લાઈક મલિક’ નામના સેશનમાં દર્શકોને જકડી રાખ્યાં હતાં.

## કુંભ રાશિમાં દુશ્મન ગ્રહોની યુતિ : ૧૨ રાશિ ઉપર કુંભ સંક્રાંતિની અસર

ગાંધીનગર, તા. ૧૩

હિન્દુ ધર્મમાં પૂર્ણિમા, અમાસ અને એકાદશી તિથિનું જેટલું મહત્વ હોય છે એટલું જ મહત્વ સંક્રાંતિ તિથિનું પણ હોય છે. સોમવારે તા. ૧૩ના રોજ સૂર્યનો કુંભરાશિમાં પ્રવેશ થયો છે. જેના કારણે કુલ ૧૨ રાશિ ઉપર અસર જોવા મળશે. જ્યોતિષશાસ્ત્રી વિષ્ણુભાઈ વૈષ્ણવના જણાવ્યા મુજબ ફેબ્રુઆરી માસમાં તા. ૧૩-૨-ના રોજ સવારે ૯.૪૫ કલાકે સૂર્યનો કુંભરાશિમાં પ્રવેશ. છેલ્લા એક માસથી સૂર્યનું મકરરાશિમાં ભ્રમણ હતું. કુંભ રાશિમાં ત્રીસ વર્ષ બાદ ત્રણ ગ્રહો ભેગા થશે. કુંભમાં શનિ અને શુક્ર છે. જે સ્થાને સૂર્યનો પ્રવેશ થઈ રહ્યો છે. સૂર્ય-શનિ પિતા-પુત્ર છે. પરંતુ શનિની આ રાશિમાં સૂર્ય મહારાજ રાજા ચક્રવ્યુહમાં ફસાય તેવી સ્થિતિ થશે એટલે કે દુશ્મન રાશિમાં પ્રવેશે છે. પહેલેથી જ દુશ્મન ગ્રહ શુક્ર ત્યાં છે જ આમ આ એક માસ વિરોધાભાસી ગુણધર્મ ધરાવતા ગ્રહો મળી રહ્યા છે. આમ કેટલીક રાશિઓને આ એક માસ સાવધાની રાખવી પડશે.

સૂર્ય આત્મા છે. પિતા પ્રભાવ, રાજસત્તા, રાજકાર્ય, સુવર્ણ વગેરેનો કારક છે. શુક્ર મોજ-શોખ, આનંદ-પ્રમોદ અને વૈભવનો કારક છે. જ્યારે શનિ મહારાજ કાવાદાવા, કુટિલતા, ખટપટ અને શિક્ષાનો કારક છે. આમ સૌ દુશ્મન એકત્ર થયા છે. આથી રાશિગત ગોચર સ્થાનનો વિચાર કરી કઈ રાશિ માટે આ એક માસ કેવા પ્રકારનું શુભાશુભ ફળ આપશે તે જોઈએ.

**મેષ :-** પંચમેશ સૂર્ય અગ્નિચાનો લાભ સ્થાનમાં આકસ્મિક લાભ પ્રાપ્ત થાય. સામાજીક ક્ષેત્રમાં અપમાન હાનિ અને અવગણના થાય. સંતાન અંગે પ્રશ્નો ઉભા થાય. સ્વાસ્થ્ય માટે ચેતવણી.

**વૃષભ :** આ જાતકોને ધંધા, વ્યવસાય વગેરેમાં તેનું આયોજન ન કરવું. અકસ્માતથી કાળજી રાખવી, ભાઈ-ભાંડુ સાથે વિવાદ થાય, ખર્ચમાં વધારો થાય, નોકરીમાં લાભ થાય.

**મિથુન :-** આપને આ માસમાં કેરિયર બનાવવામાં સાનુકૂળ સમય, ફાયદો થાય પરંતુ આકસ્મિક મુશ્કેલી ઉભી ન થાય તે માટે સાવચેત રહેવું, નાણાંકીય પ્રશ્નો ઉકલે, ધાર્મિક કાર્યોમાં ખર્ચ કરવું.

**કેટલીક રાશિઓ પર નકારાત્મક અસર થશે**

**કર્ક :-** જમીન, મકાન જેવા સ્થાયી સંપત્તિ અંગે પ્રશ્નો ઉભા થાય. નુકશાન થાય. પેટની તેમજ હૃદયની બિમારીની સંભાવના, માનસિક વ્યગ્રતા, દુર્ઘટના બને.

**સિંહ :-** ગુસ્સો આવે, માનસિક તણાવ ઉભું થાય, કાયદાકીય કામકાજમાં સકારાત્મક પરિણામ, બજેટ ખોરવાય, ભાગીદારથી સાવચેત રહેવું.

**કન્યા :-** કામકાજમાં સફળતા ન મળે. અગત્યના કામો મુલત્વી રાખવા, સ્વભાવ સુધારવો સંબંધ બગાડે, આરોગ્ય અંગે સાવચેત રહેવુ, આકસ્મિક ઈજા પહોંચે, કાળજીથી વાહન ચલાવવું.

**તુલા :-** સંતાન અંગે પ્રશ્ન ઉભા થાય. શેર-સટ્ટામાં નુકશાન થાય. વિદ્યાર્થીઓ માટે સમય પ્રતિકૂળ, ભાગીદારોથી વિવાદ.

**વૃશ્ચિક :-** સ્થાવર, જંગમ મિલકતના પ્રશ્નો વાદ-વિવાદ ઉભા થાય, નવું આયોજન ન કરવુ, હાર્ટને લગતા રોગો ઉભા થાય, માતાની સ્વાસ્થ્ય માટે કાળજી લેવી.

**ધન :-** આ માસ દરમ્યાન કૌટુંબિક પ્રશ્નો ઉભા થાય. ભાઈ-ભાંડુ સાથ-સહકાર ન આપે. સામાજીક પ્રતિષ્ઠાને હાનિ થાય. જો કે નોકરી-વ્યવસાયમાં લાભ થાય.

**મકર :-** આવકના સ્ત્રોત બંધ થાય, અડચણ ઉભી થાય, આકસ્મિક ખર્ચ થાય, સૂખ-વૈભવમાં વ્યય ન કરવો, વાહન, મકાન વગેરેમાં શુભત્વ.

**કુંભ :-** વ્યવહારિક વાદ-વિવાદ ઉભા ન થાય તે જોવું, આકસ્મિક મુશ્કેલી આવશે, નાણાંકીય પ્રશ્ને સામાન્ય, પરંતુ સ્વાસ્થ્ય અંગે ગંભીર બનવું, જઘડાથી દૂર રહેવું.

**મીન :-** આવકમાં વૃદ્ધિ થાય, નવા આવકસ્ત્રોત ઉભા થાય, પારિવારિક પ્રશ્નો ન છંછેડવા, સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું, નવું આયોજન મુલત્વી રાખવુ.

આ માસમાં ગોચર ગ્રહોની સ્થિતિ જોતાં સૂર્ય સત્તા, રાજકારણનો કારક શનિ પ્રજાનો કારક તેમજ શુક્ર વૈભવનો કારક હોઈ રાજકારણમાં અરાજકતા ઉભી થાય. ધાર્મિક વાદ-વિવાદ ચરમસીમાએ પહોંચે. નેતાઓની માન-મર્યાદા ન જળવાય. કોઈ મોટા નેતાનુ અવસાન થાય. ઋતુ પરિવર્તન થતાં પાકને નુકશાન અને માંદગીના કેસો વધે. ખાસ કરીને હૃદય રોગના દર્દીઓએ કાળજી લેવી. રાજકારણમાં ષડયંત્રો પ્રકાશમાં આવે.